©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JULY 10, 2025 / ASHADHA 19, 1947** **[No. 28**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**-ના તારીખઃ **૧૭મી માર્ચ, ૨૦૨૫**-ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીજી/૩૦/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૦૫**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૩૦/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૦૫:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનૂસૂચિમાં વર્ણવેલા જેટકોના ૨૨૦ કેવી પાટખિલોરી સબ-સ્ટેશન, ગામ: પાટખિલોરી, તાલુકો: ગોંડલ, જિલ્લો: રાજકોટને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળોના નામ અને સ્થળની હદોનું વર્ણન

ઇન્સ્ટોલેશનનું નામ	**સરનામું**	**સરવે નંબર અને ક્ષેત્રફળ**	**પ્રતિબંધિત વિસ્તારની હદો**
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ ૨૨૦ કેવી પાટખિલોરી સબ-સ્ટેશન	ગામ પાટખિલોરી તાલુકો ગોંડલ જિલ્લો રાજકોટ	૬૧ પૈકી ૬૮ કુલ ક્ષેત્રફળ ૩૦૯૧૫ ચોરસ મીટર પ્રતિબંધિત ક્ષેત્રફળ ૩૦૯૧૫ ચોરસ મીટર	પૂર્વે સરવે નંબર ૬૧ પૈકીની સરકારી ખરાબાની જમીન પશ્ચિમે સરવે નંબર ૬૧ પૈકીની સરકારી ખરાબાની જમીન અને ત્યાર પછી રાવણા-પાટખિલોરીનો રસ્તો ઉત્તરે રાવણા ગામનો સરવે નંબર ૭૯ દક્ષિણે સરવે નંબર ૬૧ પૈકીની સરકારી ખરાબાની જમીન અને ત્યાર પછી પાટખિલોરી-દેવગામનો રસ્તો

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ: **૨જી જાન્યુઆરી, ૨૦૨૫** -**નું જાહેરનામા ક્રમાંક: જીવી/૨૦૨૫નો ૨૯ યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૯૧૫૯/એમ સેક્શન**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જાન્યુઆરી, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીવી/૨૦૨૫નો ૨૯ યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૯૧૫૯/એમ સેક્શન: વિસ્તારોની વસતી, તેમાંની વસતીની ગીચતા, સ્થાનિક વહીવટ માટે પ્રાપ્ત થતું મહેસૂલ, બિન-કૃષિવિષયક પ્રવૃત્તિઓમાંના રોજગારની ટકાવારી અને વિસ્તારોના આર્થિક અગત્યને ધ્યાનમાં લેતાં, થરાદ મ્યુનિસિપાલિટી (નગરપાલિકા)ની વિદ્યમાન સ્થાનિક હદોમાં અમુક વિસ્તારોનો સમાવેશ કરવાનું જરૂરી જણાયું છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ ઘ-ના ખંડ (ઘ) સાથે વાંચતા, અનુચ્છેદ ૨૪૩ ન-ના ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

(૧) અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિસ્તારોને નાના શહેરી વિસ્તારો તરીકે નિર્દિષ્ટ કરે છે; અને

(૨) આવા વિસ્તારોને ધાનેરા મ્યુનિસિપાલિટી (નગરપાલિકા)ના મ્યુનિસિપલ વિસ્તારો તરીકે અને સદરહુ વિસ્તારો ધાનેરા મ્યુનિસિપાલિટી (નગરપાલિકા)નો ભાગ બનશે તેમ જાહેર કરે છે.

કોઇ સરકારી જમીન ધાનેરા મ્યુનિસિપાલિટી (નગરપાલિકા)માં નિહિત થશે નહિ.

અનુસૂચિ

અનુક્રમાંક	ગ્રામ પંચાયત	સરવે નંબર
(૧)	(૨)	(૩)
૧.	વજેગઢ	૧૯૬, ૧૯૭
૨.	અભેપુરા	૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬ પી ૨

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનિષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ** ના તારીખઃ **૩૧મી મે, ૨૦૨૫.**ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીજી/૯૦/૨૦૨૫/એચડી/એમકેએમ/ઈ-ફાઈલ/૮/૨૦૨૫/૧૬૭૮/ઈ-૧.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Joint Director, Class 1, in the General State Services, under the Directorate of Prohibition and Excise, Recruitment Rules, 2025

નશાબંધી અને આબકારી નિયામકની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજી/૯૦/૨૦૨૫/એચડી/એમકેએમ/ઈ-ફાઈલ/૮/૨૦૨૫/૧૬૭૮/ઈ-૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧ ભરતી નિયમો-૨૦૨૫ -ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો, નશાબંધી અને આબકારી નિયામકની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧ -ની જગા પર નિમણૂક, જેણે,-

(ક) (૧) નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧ -ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય;

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, "ખૂબ સારા" નો આધાર-ચિહ્ન ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મયુરસિંહ વાઘેલા,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**-ના તારીખઃ **૯મી મે, ૨૦૨૫**-ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૬૧/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Municipalities Act, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી મે, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક. કેવી/૨૦૨૫નો ૧૬૧/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ:- ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ગુજરાતના ૧૭મા)થી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમ (૩)ના ખંડ (ગ)માં સુધારો કરવામાં આવ્યો છે જેથી કરીને બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકાના પ્રમાણમાં પછાત વર્ગોની વ્યક્તિઓને અનામત આપી શકાય.

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણે દાહોદ નગરકપાલિકાના વિસ્તારોની વસતીના આંકડા અનુસાર તેમજ (સદરહુ) અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭-ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩)થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી/૨૦૨૪નો ૨૪૯/યુડીયુએચડી/એમડબલ્યુડી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/એમ. ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) દાહોદ નગરપાલિકાના વિસ્તારો, ૯ (નવ) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ૩૬ (છત્રીસ) કાઉન્સિલરનું બનશે:

(૨) કાઉન્સિલરની ૩૬ (છત્રીસ) બેઠકોમાંથી,-

(૧) ૨ (બે) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી એક (૧) બેઠક, અનુસૂચિત જાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૨) ૬ (છ) બેઠકો, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ત્રણ (૩) બેઠકો, અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) ૧૦ (દસ) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૫ (પાંચ) બેઠકો, પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) ૧૮ (અઢાર) બેઠકો, ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે, સ્ત્રીઓ (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામામાં કોઈપણ મજકૂર, આ જાહેરનામાના આરંભ પહેલા, દાહોદ નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરેલા કૃત્યોને અસર કરશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**ના તારીખઃ **૧૧મી એપ્રિલ, ૨૦૨૫**ના જાહેરનામા **ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૨૦/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૩૫૯/ચ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૨૦/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૩૫૯/ચઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,-

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારમાંથી, કોલમ ૫-માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોના બનતા, કોલમ ૬માં દર્શાવેલા નવા ગામ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલા સ્થાનિક વિસ્તારો	વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલા સ્થાનિક વિસ્તારો	નવા બનેલા ગામનું નામ	નવા ગામમાં આવરી લીધેલા વિસ્તારો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	સતલાસણા	કનેડીયા	૧. કનેડીયા ૨. રંગપુર ગઢ ૩. રાધુપુરા	૧. રંગપુર ગઢ ૨. રાધુપુરા	કનેડીયા	૧. કનેડીયા
					રંગપુર ગઢ	૧. રંગપુર ગઢ
					રાધુપુરા	૧. રાધુપુરા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**ના તારીખઃ **૭મી એપ્રિલ, ૨૦૨૫**ના જાહેરનામા **ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૬/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૬૨૪/ચ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૬/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૬૨૪/ચઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,-

(૧) અનુસૂચિના કોલમ ૪માં દર્શાવેલા સરદાર સરોવર પુનર્વસવાટ એજન્સીની વસાહતો (કોલોનીઝ)ના સ્થાનિક વિસ્તારોને, કોલમ ૫-માં દર્શાવેલા વિદ્યમાન ગામમાં સમાવેશ કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોનો સમાવેશ કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૪માં દર્શાવેલા વિસ્તારને વિદ્યમાન ગામમાં સમાવેશ કરીને, કોલમ ૫-માં દર્શાવેલા ગામને નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	વસાહતનું નામ	જેમાં વસાહતનો સમાવેશ કરેલો છે તે વિદ્યમાન ગામનું નામ
૧	૨	૩	૪	૫
૧	છોટા-ઉદેપુર	નસવાડી	બરોલી - (૧) નર્મદા વસાહત	બરોલી
૨			રોઝિયા નર્મદા વસાહત	સીંધીકુવા(રો)
૩	નર્મદા	ડેડીયાપાડા	ચીકદા - (૩) નર્મદા વસાહત	ચીકદા
૪		સાગબારા	નાની દેવરૂપણ નર્મદા વસાહત	પાંચ પીપરી
૫		તિલકવાડા	અગર નર્મદા વસાહત	અગર
૬			સંદુલા (લીમાડીયા) નર્મદા વસાહત	બંદરપુરા
૭			સાવલી નર્મદા વસાહત	સાવલી
૮	ખેડા	કપડવંજ	ભુતીયા નર્મદા વસાહત	ભુતીયા / વિરણીયા
૯		ખેડા	ધરમપુર વસાહત	નાયકા
૧૦		મહુધા	મહિસા નર્મદા વસાહત	મહિસા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**ના તારીખઃ **૩૦મી એપ્રિલ, ૨૦૨૫**ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીજી/૬૦/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૧૪.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીજી/૬૦/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૧૪:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં દર્શાવેલા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)ના ૬૬ કેવી પાણવી (અલ૩) સબ-સ્ટેશન, તા.- રાણપુર, જિ.-બોટાદને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળોનાં નામ અને સ્થળની હદોનું વર્ણન

ઈન્સ્ટોલેશનનું નામ	**સરનામું**	**સરવે નંબર અને વિસ્તાર**	**પ્રતિબંધિત વિસ્તારની હદો**
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ ૬૬કેવી પાણવી (અલ૩) સબ-સ્ટેશન	ગામ: અલ૩ તાલુકો: રાણપુર જિલ્લો: બોટાદ	૬૧૭/પૈકી ૧ કુલ વિસ્તાર: ૪૯૦૦ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૩૯૨૦ ચોરસ મીટર	પૂર્વે સંબંધિત સરવે નંબર. ૬૧૭ની જમીન પશ્ચિમે સંબંધિત સરવે નંબર. ૬૧૭ અને ત્યાર પછી અલ૩-પાણવી રોડ ઉત્તરે સંબંધિત સરવે નંબર. ૬૧૭ અને ઉતાવળી નદી દક્ષિણે સંબંધિત સરવે નંબર. ૬૧૭ની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 15:56:37 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar